ક્રમાંક:રાપબો/NMMS/૨૦૧૯/8011-8107
રાજ્ય પરીક્ષા બોર્ડ,
સરકારી પુસ્તકાલય સામે,
સેક્ટર -૨૧, ગાંધીનગર
તા.૦૯/૧૨/૨૦૧૯

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ

વિષય: NSP (National Scholarship Portal) પર કામગીરી બાબત.

સંદર્ભ:- ૧.અત્રેની કચેરીના તા.૦૨/૦૯/૨૦૧૯ ના પત્ર ક્રમાંક:રાપબો/NMMS/4451-4568
૨.અત્રેની કચેરીના તા.03/૧૦/૨૦૧૯ ના પત્ર ક્રમાંક:રાપબો/NMMS/6008-74
૩.અત્રેની કચેરીના તા.૨૧/૧૧/૨૦૧૯ ના પત્ર ક્રમાંક:રાપબો/NMMS/7482-7550

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે ડાયરેક્ટ બેનીફીટ ટ્રાન્સફર (DBT) દ્વારા શિષ્યવૃત્તિની રકમની ચૂકવણી લાભાર્થી વિદ્યાર્થીઓના બેંક ખાતામાં સરળતાથી અને ઝડપી કરી શકાય તે હેતુથી ભારત સરકાર દ્વારા "નેશનલ સ્કોલરશીપ પોર્ટલ વેબપોર્ટલ તૈયાર કરવામાં આવેલ છે. રાજ્યના NMMS યોજનાના વર્ષ-2019-20 ના લાભાર્થી વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિ માટેની તેમજ રીન્યુયલ (૨૦૧૫ થી ૨૦૧૭ સુધી-ધોરણ ૧૦ થી ૧૨) ની દરખાસ્ત નિયત સમયમર્યાદામાં "નેશનલ સ્કોલરશીપ પોર્ટલ પર કરવાની થાય છે.

રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ચાલુ વર્ષે પણ જિલ્લા કક્ષાએ આ કામગીરી માટે નોડલ ઑફીસર (પ્રાથમિક અને માધ્યમિક કચેરીના) અને તાલુકા કક્ષાએ આ કામગીરીના સંકલનની જવાબદારી તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ/શાસનાધિકારીશ્રીઓ સોંપવામાં આવી છે. આ ઉપરાંત સી.આર.સી. કો-ઑર્ડીનેટર દ્વારા તેઓના ક્લસ્ટરની શાળાઓના વિદ્યાર્થીઓનો સંપર્ક કરી તે વિદ્યાર્થીઓની એપ્લીકેશન NSP (National Scholarship Portal) માટેની વેબસાઇટ http://www.scholarships.gov.in પર ઓનલાઇન એપ્લીકેશન કરવાની અને ઓનલાઇન એપ્લીકેશનની પ્રકીયા બાદ વિદ્યાર્થીની શાળાનો સંપર્ક કરી એપ્લીકેશન વેરીફીકેશન પ્રકીયા કરવાની કામગીરી જિલ્લા શિક્ષણાધિકારીશ્રી તથા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીને સંયુક્ત રીતે સોંપવામાં આવેલ હતી.

ઉકત સંદર્ભ દર્શિત પત્ર નં ૧ થી ૩ માં સુચવેલ કામગીરીમાં MHRD દિલ્હી દ્વારા તા.૦૯/૧૨/૨૦૧૯ ના રોજ સવારના ૧૦:૪૫ કલાકે મળેલ સુચના અનુસાર આથી જણાવવામાં આવે છે. કે NSP પોર્ટલ પર વેરીફીકેશન માટેની છેલ્લી તારીખ આવતીકાલે એટલે કે તારીખ:-10/12/2019 સુધી છે MHRD દિલ્હી દ્વારા મળતી માહિતી મુજબ ગુજરાત રાજ્યમાં ફ્રેશ તેમજ રીન્યુઅલના જિલ્લા કક્ષાએ વેરિફિકેશન 64 એપ્લિકેશન પેન્ડિંગ છે અને શાળા કક્ષાએથી 239 એપ્લિકેશનની વેરીફાઈ કરવાની પેન્ડીંગ બતાવે છે આ માહિતી જિલ્લા login માંથી જોઈ જતે શાળા ને જાણ કરી શાળા કક્ષાએથી વેરીફાઈ કરાવી 239 તેમજ 64 એપ્લિકેશનની કામગીરી જિલ્લાએથી વેરીફાઇ કરવી. આ બાળકોની કોઇ પણ પ્રકારની શાળા કે જિલ્લા કક્ષાએથી વેરિફિકેશન બાકી રહેશે અને વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ નહીં મળે તેની જવાબદારી જિલ્લાકક્ષાની રહેશે.

અધ્યક્ષ
રાજ્ય પરીક્ષા બોર્ડ
ગાંધીનગર

➢ નકલ સવિનય રવાના જાણ સારૂ:-
માન.સચિવશ્રી, (પ્રાથમિક અને માધ્યમિક) શિક્ષણ વિભાગ,
બ્લોક નં:- ૫/૭, માળ સચિવાલય, ગાંધીનગર

Scanned by CamScanner
Scanned by CamScanner

ક્રમાંક/૫૧૫33
જિ. ...શિક્ષણાધિકારીની કચેરી,
...કાંઠા, પાલનપુર.
તારીખ : ૧૦/૧૨/૨૦૨૧

-નકલ રવાના જાણ તથા
અમલ સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી,
બનાસકાંઠા જિલ્લા, પાલનપુર.

- પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી, ગ્રાન્ટેડ શાળાઓ તમામ,
બનાસકાંઠા.

Scanned by CamScanner